જાગુષ્ટે પુસ્તકાલયનું

ચૈત્રી સંવત ૧૯૭૩ શાકે ૧૮૩૭

નું

ભવિષ્ય ફળ.

કે જેમાં

રૂ, સુતર, અફીણ, ચાંદી, ઘઉં, સરસવ, અળસી, તલ, તેલ, ઘી, ગોળ વિગેરે દરેક વ્યાપારી વસ્તુના ભાવોની તેજી મંદી ઉપરાંત સુકાળ, દુકાળનો નિર્ણય પણ દર્શાવ્યો છે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦   સન ૧૯૧૬

કિંમત ૦-૨-૦

જાગુષ્ટે પુસ્તકાલયનું

ચૈત્રી સંવત ૧૯૭૩ શાકે ૧૮૩૭

નું

ભવિષ્ય ફળ.

કે જેમાં

રૂ, સુતર, અફીણ, ચાંદી, ઘઉં, સરસવ, અળસી,
તલ, તેલ, ઘી, ગોળ વિગેરે દરેક વ્યાપારી
વસ્તુના ભાવોની તેજી મંદી ઉપરાંત
સુકાળ, દુકાળનો નિર્ણય પણ
દર્શાવ્યો છે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦   સન ૧૯૧૬

કિંમત ૦-૨-૦

અમદાવાદ—શાહાપુર નવીપોળમાં આવેલા શ્રી પ્રજાહિતાર્થ
મુદ્રાલયમાં પટેલ ડાહ્યાભાઇ દલપતરામે છાપ્યું.

પ્રસ્તાવના.

ચાર પાંચ વર્ષથી નિયમિત રીતે આ પુસ્તકને પ્રગટ કરવાનો ઉદ્દેશ માત્ર પૈસા પ્રાપ્ત કરવાનો નહોતો. પરંતુ દરેક આવતા વર્ષની આગાહી પ્રથમથી જો થોડી ઘણી માલુમ પડે તો જન સમાજ જાગૃત રહી સંકટમાં આવી પડતો અટકે. આ હેતુ કેટલે દરજ્જે સફળ થયો છે તે આ પુસ્તકની લોક પ્રિયતા તથા ઉપયોગિતા ઉપરથી હવે સારી રીતે જાણીતો થયેલ છે અને તેથી અમારો શ્રમ સાફલ્ય થયો જાણી આનંદ થાય છે.

આ પુસ્તક જે પદ્ધતિમાં લખાય છે તેમાં કંઈ વિશેષ સુધારો વધારો કરવાની જરૂર જો કોઇ સજ્જનોને જણાતી હોય તો યોગ્ય સૂચના આપવા કૃપાળુ થશે કે જેથી આવતા વર્ષમાં તે સંબંધિ લક્ષ દેવામાં આવશે.

॥ ॐ श्री ॥


શાકે ૧૮૩૮

ચૈત્રી સંવત ૧૯૭૩ ની સાલનું

ભવિષ્ય ફળ.

चैत्रपुण्यमये वसंत समये नव्यंफलं वार्षिकम् ॥
नित्यं य श्रृणुयादघौघदलनं चायुर्यशः श्रीकरम् ॥
वेधा विष्णुहरौ रवीन्दु महीजा सौम्योगुरु भार्गवे ॥
मंदोऽगुःसशिखिश्च शत्रुदलनं कुर्वन्तु सर्वे ग्रहाः ॥

अथ वर्ष प्रवेश लग्नचक्रम् ॥



વર્ષ પ્રવેશ લગ્નફળ—આ સાલ વર્ષ પ્રવેશ સમયે તુલા રાશિનું લગ્ન છે. તેથી તેની અસર પશ્ચિમ તરફના દેશો ઉપર વિશેષ થશે. લગ્ન કુંડળીમાં મંગળ, સૂર્ય, રાહુ, બુધ અને શનિ એ ગ્રહો વાયવ્ય, પશ્ચિમ, નૈઋત્ય અને દક્ષિણ દિશા તરફ ખગોળમાં ભ્રમણ કરે છે, જેથી એ તરફના દેશો ઉપર ઘણીજ ખરાબ અસર થશે, અને તેથી ત્યાં આગળ વસતાં મનુષ્યોને અનેક પ્રકારની વિટંબણાઓ ભોગવવી પડશે. ઘઉં, ચણા, જવ, ઘી, ચાંદી, કપાસ, સોનું લોખંડ, ત્રાંબાપીતળનાં પતરાં વિગેરેના ભાવોમાં વારે ઘડીએ ફેરફાર થશે. પારો, સીસું વિગેરેના ભાવો તેજ થશે, પરંતુ પાછળથી નરમ પડશે, બળીઆ, કોલેરા, ત્રિદોષ વિગેરેના વ્યાધિઓ સાધારણ રીતે વિશેષ ચાલશે. વર્ષમાં નવા માલની પેદાશ સારી થશે તથા વ્યાપારી ગ્રહો બુધ અને ચંદ્ર ગુરૂ અને સૂર્યના સંબંધમાં છે જેથી વ્યાપાર પણ સામાન્ય રીતે સારો ચાલશે તુલા લગ્નમાં વર્ષ પ્રવેશ થાય છે જેથી પશ્ચિમમાં બે મહીના ગ્રહા યુદ્ધ ચાલે.

સંવત્સરનું ફળ—આ વર્ષમાં નલ નામનો સંવત્સર છે જેનું ફળ એવું છે કેઃ—

क्षितिपालकुलंरणकर्मकरं धनधान्यफलादिकमल्पतरं ॥

રાજાઓ લડાઇમાં પ્રવૃત થાય, ધન, ધાન્યની ઉત્પત્તિ ઓછી થાય. ચૈત્ર માસમાં વિવિધ પ્રકારના રોગ ઉત્પન્ન થાય તેમજ પવનનો વેગ વધારે ચાલે. વૈશાખમાં પણ અનેક અરિષ્ટ ઉત્પન્ન થાય, અનાજનો સંગ્રહ કરવો યોગ્ય છે. જેઠમાં રાજાઓને પર-

રૂપર વિગ્રહ વધે. આષાઢ તથા શ્રાવણમાં વર્ષાદ ઘણો ઓછો વર્ષે જેથી અનાજમાં પાંચ, છગણો લાભ થાય. ભાદરવામાં ખંડ વૃષ્ટિ થાય તેથી દુકાળનો ભય ઉપજે. અનાજનો સંગ્રહ આસોમાં કરી કાર્તિકમાં વેચવાથી પણ લાભ થાય, માગશર, પોષ અને માહામાં અનાજનો ભાવ સાધારણ રહે, ફાગણમાં અનેક પ્રકારના રોગ ચાલે. ઉત્તર તરફના દેશોમાં દુકાલનો ભય ઉત્પન્ન થાય પૂર્વના દેશોમાં સુકાળ થાય. પશ્ચિમ તથા દક્ષિણમાં મધ્યમ સ્થિતિ ચાલે.

વર્ષના રાજાનું ફળ—આ વર્ષનો રાજા ચંદ્ર છે જેથી ગાય, ભેંસ વિગેરે પ્રાણીઓને ઘાસની તાણ પડે નહિ અનાજની પેદાશ પણ સારી થાય રાજાઓ તરફથી વિદ્વાન્ મનુષ્યોનો સત્કાર થાય.

મંત્રિનું ફળ—મંત્રિ બુધ છે જેથી રાજાઓના ભંડારમાં ધનની વૃદ્ધિ થાય. ગાયો સારૂં દુધ આપે, ઘઉં, ડાંગર. શેરડી વિગેરેની પેદાશ સારી થાય.

ચોમાસુ અનાજનું ફળ—આગલા અનાજનો સ્વામી શનિ છે જેથી ચોમાસુ અનાજની ઉત્પત્તિ ઓછી થાય. વૃષ્ટિ મધ્યમ થાય. લોકોમાં મેલેરીયા વિગેરેની વ્યાધિ ચાલે.

શિયાળુ અનાજનું ફળ—પાછલા ધાન્યનો સ્વામિ શુક્ર છે જેથી શિયાળુ અનાજ તથા ફળફળાદિક સારાં નિપજે.

આર્દ્રા નક્ષત્રનું ફળ—આ નક્ષત્ર દિવસે બેસે છે જેથી વૃષ્ટિ મધ્યમ થાય અન્નની ઉત્પત્તિ ઓછી થાય.

રોહિણિ નક્ષત્રનું ફળ—આ નક્ષત્ર તીરે પડેલું છે જેનું ફળ ઉત્તમ છે.

દેશ વિશેષે ફળ—પંજાબ, કાઠિયાવાડ અને વરાડમાં રાજાનું ફળ મળશે. કલિંગ દેશમાં મંત્રિનું ફળ મળશે. ગુજરાત અને કાબુલમાં ધાન્યના પતિનું ફળ મળશે, વિંધ્યાચળથી દક્ષિણના દેશોમાં આર્દ્રા નક્ષત્રના પ્રવેશનું ફળ મળશે. અને સમગ્ર દેશોમાં સંવત્સરનું ફળ મળશે.

આ પ્રમાણે આખા વર્ષનું સામાન્ય ફળ છે. હવે દરેક મહીનાવાર પૃથક પૃથક વિશેષ ફળનો વિચાર કરીએ.

ચૈત્ર મહીનાનું ફળ.

ચૈત્ર સુદી ૧—તા, ૩-૪-૧૬ સોમવાર છે. જેથી અનેક પ્રકારની ઉપાધિઓ શાન્ત થાય. ઘઉં, અળસી, સરસવ, રૂ વિગેરેના ભાવ થોડાક નરમ થાય. આ દિવસે રેવતી નક્ષત્ર છે, જેથી ચોમાસાની શરૂઆતની વૃષ્ટિ સર્વે સ્થળે સારી થાય.

ચૈત્ર સુદી ૫—તા. ૭-૪-૧૧ શુક્રવાર આ દિવસે રોહિણી નક્ષત્રમાં ચંદ્રમા છે, જેથી અનાજના ભાવ છેક ઉતરી ન જતાં ટકી રહે.

ચૈત્ર સુદી ૯—તા. ૧૨-૪-૧૬ બુધવાર મેષ સંક્રાંતિ બેસે છે જેથી ઘઉં, ચણા વિગેરેના ભાવોમાં કાંઈક ઘટાડો થાય, બા-

જરી વિગેરેના ભાવમાં કંઇક વધારો થાય.

ચૈત્ર સુદી ૧૫—તા. ૧૮-૪-૧૬ મંગળવાર આ દિવસે જો આકાશ વાદળાં સિવાયનું નિર્મળ રહે તો શુભ છે પરંતુ જો ગ્રહણ થાય, ભુકંપ થાય, વૃષ્ટિ થાય, ચંદ્રમા ઘેરાયેલો રહે, તારા ખરે અથવા વિજળી ચમકે અગર બીજા કોઇ ઉત્પાતો જોવામાં આવે તો ધાન્યનો સંગ્રહ કરવો ઉચિત છે કેમકે ત્યાર પછી સાતમે મહીને એ અનાજ વેચવાથી બમણો લાભ થાય છે.

ચૈત્ર વદી ૨—તા. ૨૦-૪-૧૬ ગુરૂવાર બૃહસ્પતિનો ઉદય પૂર્વ દિશામાં મીન રાશિમાં થાય છે જેનું ફળ એવું છે કે.—

मीनेल्पवृष्टि ह्यनीश्वर युद्धयोगः

पीडाजनस्यमरवगन्नरवगतुरुपा

વૃષ્ટિ અલ્પ થાય, રાજાઓમાં યુદ્ધ ચાલે મનુષ્યોને નરકની સમાન પીડા થાય. ચૈત્રમાં ઉદય થાય છે જેથી વૃષ્ટિ વિચિત્ર રીતે થાય,

ચૈત્ર વદી ૫—તા. ૨૨-૪-૧૬ શનિવાર બુધનો ઉદય પશ્ચિમ દિશામાં થાય છે જેથી રૂ અને કપાસીયાનો ભાવ નરમ પડે ઘઉંના ભાવમાં કંઇક વધારો થાય. બાજરીનો ભાવ ટકી રહે.

,, **વદી ૯**—તા. ૨૬-૪-૧૬ બુધવાર રોહિણી મહા નક્ષત્રમાં સૂર્ય પ્રવેશ કરે છે જેથી મરચાં, કરીયાણું વિગેરેના ભાવ તેજ થાય.

„ વદી ૧૧ શુક્રવાર તા. ૨૮–૪–૧૬ આ દિવસે વૃષભ રાશિનો બુધ અને મિથુન રાશિનો શુક્ર થાય છે જેથી તલ, સુતર, કપાસનો ભાવ તેજ થાય, ઘઉં, તલ, અડદનો ભાવ પંદર દિવસ સુધી નરમ પડી જાય.

„ વદી ૧૪—તા. ૧–૫–૧૬ સોમવાર સોમવતી અમાવાસ્યા છે, જેથી રોગાદિક ઉત્પાતોની શાન્તિ થાય.

આખા મહીનાનાં જુદાં જુદાં ફળો ઉપરથી એકંદર સારાંશ—ઘઉં, ચણા વિગેરેના ભાવો નરમ પડી પાછા તેજ થશે; કપાસીયા તથા રૂનો ભાવ નરમ પડી પાછો તેજ થાય, તલ, સુતર વિગેરેના ભાવ તેજ થાય. બાજરીનો ભાવ ટકી રહે. મરચાં, કરીયાણું વિગેરેના ભાવો તેજ થાય. કંઇક વૃષ્ટિ થાય, પશ્ચિમમાં અશાન્તિ ફેલાય.

જુદી જુદી રાશિના નામવાળાં મનુષ્યો માટે આ મહીનાનું શુભાશુભ ફળ.

મેષ રાશિના નામ વાળા મનુષ્યોને—આ મહીનામાં દ્રવ્ય સંબંધિ કંઇક ઠેકાણે હાનિ થાય. પ્રવાસ કરવો પડે, મન ઉદ્વેગતામાં રહે, પોતાની જાતને કંઇક થોડી ઘણી બિમારી થાય, સ્ત્રી તથા બાળબચ્ચાંની પ્રકૃતિ સારી રહે. કોર્ટ સંબંધિ કાર્યમાં કંઇ નિકાલ થાય નહિ.

વૃષભ રાશિ વાળાઓને—દ્રવ્ય લાભ સારો થાય, વ્યાપાર

રોજગાર સારો ચાલે. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહે પરંતુ મનમાં કંઇક ઉદ્વેગતા રહે.

મિથુન રાશિ વાળાઓને—દ્રવ્ય લાભ સારો થાય, વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે, સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહે, કોર્ટ સંબંધી કાર્યમાં જય મળે.

કર્ક રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મંદ પડી જાય. પોતાને કંઇક બિમારી ઉત્પન્ન થાય તેથી પરાધીનતા ભોગવવી પડે સ્ત્રી તથા સંતાનોની પ્રકૃતિ પણ થોડી ઘણી બગડે, ચિંતામાં દિવસો જાય.

સિંહ રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે, દ્રવ્ય સબંધિ કંઇક ચિંતા રહે, પોતાની તેમજ બાળકોની પ્રકૃતિ લથડે.

કન્યા રાશિ વાળાઓને—દ્રવ્ય લાભ સારો થાય, વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે, સર્વે આરોગ્યતા ભોગવે, મનકામના સફળ થાય.

તુલા રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ પાછળથી સારો ચાલે દ્રવ્ય લાભ ઠીક થાય, બગડેલી પ્રકૃતિ તનદુરસ્ત થાય. કોર્ટ સંબંધિ ઉત્પન્ન થએલી ચિંતા દુર થાય

વૃશ્ચિક રાસિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મંદ પડી જાય, દ્રવ્યનું ખર્ચ વિશેષ થાય, જ્યાં ત્યાં વિરોધ ઉત્પન્ન થાય, કુટુંબમાં કેટલા એકની પ્રકૃતિ લથડે;

ધન રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે, દ્રવ્ય આમ ઠીક થાય. સર્વે આરોગ્યતા ભોગવે.

મકર રાશિ વાળાઓને–દ્રવ્ય લાભ મધ્યમ થાય, ઉદ્યોગ સાધારણ રીતે ઠીક ચાલે. પ્રવાસ કરવો પડે, વ્યાધિ ઉત્પન્ન થાય મન અસ્વસ્થ રહે.

કુંભ રાશિ વાળાઓને—દ્રવ્ય લાભ મધ્યમ થાય, વ્યાપાર ઉદ્યોગ ઠીક ચાલે. પરંતુ પાછળથી મંદ પડી જાય. મન ઉદ્વેગતામાં રહે. બાળકોની પ્રકૃતિ બગડે.

મીન રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ ઠીક ચાલે. દ્રવ્યની પ્રાપ્તિ થાય, પરંતુ પોતાને કંઈક જૂની બિમારી થાય. કોર્ટ સબંધિ કામકાજમાં મુદત પડે. મનમાં કંઈક ગુપ્ત ચિંતા રહ્યાં કરે.

વૈશાખ માસનું ફળ.

વૈશાખ સુદી ૩ તા. ૫-૫-૧૬ શુક્રવાર–રોહિણી નથી તેથી નાના પ્રકારના ઉત્પાત થાય. પશુઓમાં ભૂખમરો ચાલે.

,, **સુદી** ૮ તા; ૧૦-૫-૧૬ બુધવાર–કૃતિકા મહા નક્ષત્રનો સ્પર્શ થાય છે. જેથી જવ, ચણા, સોનું, રૂપું, ત્રાંબુ, પીતળ, લોઢું સીસું, જસત, કલાઈ, તલ એ ચીજોના ભાવ તેજ થાય.

,, **સુદી ૧૧** ૧૩-૫-૧૬ શનિવાર–વૃષભ સંક્રાન્તિ બેસે છે જેથી દેશમાં કલેશ ઉત્પન્ન થાય, અન્નનો ભાવ તેજ થાય, તેમાં ઘઉંનો ભાવ અતિશય વધી જાય. કપાસ, ગોળ, સાકર, ખાંડ, મઠ, વાલ વિગેરેના ભાવમાં વધારો થાય.

,, **સુદી ૧૨** તા. ૧૪-૫-૧૬ શનિવાર—બૃહસ્પતિ મેષ

રાશિનો થાય છે જેથી કપડાં, સોનું, રૂપું, ત્રાંબુ, કપાસ, મોતી વિગેરેના ભાવ ત્રણ મહીના સુધી નરમ પડી જાય અને પાછા તેજ થાય જે ભાદરવામાં પાછા નરમ પડે. દક્ષિણ તથા ઉત્તર તરફના દેશોમાં ખંડ વૃષ્ટિ થાય. આસોથી ફાગણ સુધી દુકાળ જેવું ચાલે કાર્તક માગશરમાં કપાસ અને અન્નનો ભાવ તેજ થાય, પોષમાં ગોળ, ઘી સસ્તા થાય. વૈશાખમાં ગુજરાતમાં ટંટા બખેડા થાય.

„ **સુદી ૧૩** તા. ૧૫-૫-૧૬ સોમવાર—સિંહ રાશિનો મંગળ થાય છે જેથી તલ, અડદ, મગનો ભાવ તેજ થાય.

„ **વદી ૭** તા. ૨૩-૫-૧૬ મંગળવાર—બુધ વક્રી થાય છે, જેથી તલ, સુતર, કપાસનો ભાવ તેજ થાય, ઘઉં અને અડદનો ભાવ કંઇક નરમ પડે.

„ **વદી ૮** તા. ૨૪-૫-૧૬ બુધવાર—રોહિણી મહા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી સર્વે અનાજ, સર્વ રસકસ, સર્વે ધાતુઓ અને ઉનનાં વસ્ત્રોના ભાવમાં પંદર દિવસમાં વધઘટ થાય. પૂર્વ દિશામાં સાત દિવસ ખળભળાટ થાય.

„ **વદી ૧૧** તા. ૨૭-૫-૧૬ શનિવાર—બુધનો અસ્ત થાય છે. જેથી પશુઓમાં પીડા થાય.

„ **વદી ૧૪** તા. ૩૦-૫-૧૬ મંગળવાર—અગસ્તિનો અસ્ત થાય છે, જેથી ઉત્પાતોની શાન્તિ થાય.

એકંદર સારાંશ—સર્વ ધાતુઓ તથા સર્વે અનાજના ભાવોમાં વધઘટ થાય, ઘઉંના ભાવમાં તો ખાસ વધારો થઇ પાછો

ઘટાડો થાય. કપાસ, સુતર, ગોળ, ખાંડ, ઉનના ભાવમાં વધઘટ થાય. લોકોના મન અસ્વસ્થ રહે.

જુદી જુદી રાશિવાળાં મનુષ્યો માટે શુભાશુભ ફળ.

મેષરાશિ વાળાઓને–દ્રવ્ય લાભ સાધારણ રીતે સારો થશે. વ્યાપાર ઉદ્યોગ મધ્યમ ચાલશે. પોતાને કંઇક કફની બિમારી થશે સ્ત્રી તથા બાળબચ્ચાંની પ્રકૃતિ મધ્યમ રહેશે.

વૃષભ રાશિ વાળાઓને–દ્રવ્ય સબંધિ કંઇક ચિંતા ઉત્પન્ન થશે. વ્યાપાર ઉદ્યોગ ઠીકઠીક ચાલશે. પ્રવાસ કરવો પડશે, કોર્ટ સંબંધિ કેસમાં ચિંતા ઉત્પન્ન થશે, સ્ત્રી તથા બાળકોની પ્રકૃતિ પિત્તની વ્યાધિથી બગડશે, મન અસ્વસ્થ રહેશે.

મિથુન રાશિ વાળાઓને–વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે. દ્રવ્ય લાભ સારો થશે, તો પણ મન ઉદ્વેગતામાં રહેશે. સર્વેની પ્રકૃતિ થોડી ઘણી લથડશે.

કર્ક રાશિ વાળાઓને–દ્રવ્ય લાભ સંપૂર્ણ રીતે ચાલશે. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહેશે. કોર્ટ સબંધિ કાર્યમાં જય મળશે. નવિન મનુષ્યનો લાભ થશે.

સિંહ રાશિ વાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે, માતા પીતાની પ્રકૃતિમાં કંઇક બિગાડો થશે.

કન્યા રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલશે દ્રવ્ય લાભ ઠીક થશે, નવિન કલેશ ઉત્પન્ન થશે. પ્રકૃતિ મધ્યમ રહેશે.

તુલા રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મંદ પડી જશે, દ્રવ્ય સબંધિ કંઇક નુકશાન થશે. સર્વેની પ્રકૃતિ થોડી ઘણી બગડશે. કોર્ટ સબંધિ કાર્યમાં ચિંતા ઉત્પન્ન થશે.

વૃશ્ચિક રાશિ વાળાઓને-વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલશે. દ્રવ્ય લાભ મધ્યમ થશે. સર્વેની પ્રકૃતિ મધ્યમ રહેશે.

ધન રાશિ વાળાઓને—દ્રવ્ય લાભ સંપૂર્ણ રીતે થશે. વ્યાપાર ઉદ્યોગ સંપૂર્ણ રીતે ચાલશે. કોર્ટ સબંધિ કાર્યમાં જય મળશે. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહેશે.

મકર રાશિ વાળાઓને—દ્રવ્ય લાભ મધ્યમ રીતે થશે, મનમાં ધારેલી ઇચ્છા સફળ થશે નહિ, મન ઉદ્વેગતામાં રહેશે. વ્યાપાર ઉદ્યોગ મધ્યમ રીતે ચાલશે.

કુંભ રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મંદ પડી જશે. મનમાં કંઇક પરિતાપ થશે. દ્રવ્ય સબંધિ ચિંતા ઉત્પન્ન થશે. સર્વેની પ્રકૃતિ થોડી ઘણી બગડશે.

મીન રાશિવાળાઓને-વ્યાપાર ઉદ્યોગ ઠીક ચાલશે. દ્રવ્ય લાભ સારો થશે પોતાની પ્રકૃતિ સારી રહેશે, સ્ત્રી પુત્રની પ્રકૃતિ કંઇક બગડશે. કોર્ટ સબંધિ કાર્યમાં જય મળશે.

જેઠ મહિનાનું ફળ.

જેઠ સુદી ૭ તા. ૪-૬-૧૬ રવીવાર—તિથિ વૃદ્ધિ થાય છે જેથી ઘીનો ભાવ તેજ થાય.

,, સુદી ૬ તા. ૭-૬-૧૬ બુધવાર—મૃગશીર મહા નક્ષત્ર બેસે છે, જેથી ઘોડા, ભેંસો, ગાયો વિગેરેમાં બે માસની અંદર બિમારી ચાલે, વાલ, કોદરા વિગેરે તેજ થાય.

,, સુદી ૧૦ તા. ૧૧-૬-૧૬ રવીવાર—વક્રગતિનો શુક્ર થાય છે જેથી ખંડ વૃષ્ટિ થઈ વાવેતરમાં સુકવણું પડે.

,, સુદી ૧૧ તા. ૧૨-૬-૧૬ સોમવાર—બુધનો ઉદય પૂર્વ દિશામાં થાય છે જેથી મહા વર્ષા થાય. ચાંદીનો ભાવ નરમ પડે.

,, સુદી ૧૪ તા. ૧૪-૬-૧૬ બુધવાર-મિથુન સંક્રાંતિ બેસે છે જેથી પૃથ્વી ઉપર શાન્તિ ફેલાય, સંપૂર્ણ રીતે વૃષ્ટિ થાય, અનાજના ભાવોમાં ઘટાડો થાય.

,, વદી ૬ તા. ૨૧-૬-૧૬ બુધવાર-આર્દ્રા મહા નક્ષત્ર બેસે છે જેથી તેલ, મીઠું. સાજીખાર, ગોળ, ઘી, ખાંડ, સાકર, ચંદન અત્તર વિગેરેના ભાવમાં વધારો થાય. મગફળી મોંઘી વેચાય. પશ્ચિમ દિશામાં એક મહિના સુધી કષ્ટ ઉત્પન્ન થાય.

,, વદી ૧૧ તા. ૨૬-૬-૧૬ સોમવાર-શનિનો અસ્ત પશ્ચિમ દિશામાં થાય છે. જેથી અનેક પ્રકારના કષ્ટ ઉત્પન્ન થાય. લોખંડના ભાવમાં વધારો થાય.

,, વદી ૧૨ તા. ૨૭-૬-૧૬ મંગળવાર-મિથુન રાશિના શુક્રનો અસ્ત પશ્ચિમ દિશામાં રાક્ષસગણ નક્ષત્રમાં થાય છે જેથી વિગ્રહ ઉત્પન્ન થાય, મિસર દેશમાં અનાજની તંગી પડે. મારવાડ તથા સિંધમાં સાધારણ દુકાળ પડે. વિમાનો, વહાણો વિગેરેનો નાશ થાય. ફીરંગીઓમાં વિગ્રહ થાય. વરાડ, પંજાબ, કાઠીયાવાડ-

માં કષ્ટ ઉત્પન્ન થાય. માળવામાં મનુષ્યનો ક્ષય થાય.

,, વદી ૦)) તા. ૩૦–૬–૧૬ શુક્રવાર—આ દિવસે આર્દ્રા નક્ષત્ર છે જેથી વૃષ્ટિની તાણુ પડે.

એકંદર સારાંશ—આ માસમાં જ્યાં ત્યાં વિગ્રહને લીધે લોકોનાં મન ઉંચા થાય. વૃષ્ટિની તાણ પડી પાછળથી ઠીક વૃષ્ટિ થાય. મીઠું, ગોળ, ઘી. લોખંડના ભાવમાં વધારો થાય, પશુઓમાં બિમારી ફેલાય.

જુદી જુદી રાશિવાળાં મનુષ્યો માટે શુભાશુભ ફળ.

મેષ રાશિ વાળાઓને–દ્રવ્ય લાભ સારો થશે, વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહેશે. કોર્ટ સબંધિ કાર્યમાં જય મળશે. સર્વે ઇચ્છાઓ સફળ થાય.

વૃષભ રાશિ વાળાઓને–દ્રવ્ય લાભ મધ્યમ થશે. વ્યાપાર ઉદ્યોગ મધ્યમ ચાલશે. સર્વની પ્રકૃતિ મધ્યમ રહેશે પ્રવાસ કરવો પડશે.

મીથુન રાશિ વાળાઓને–વ્યાપાર ઉદ્યોગ બરાબર ચાલશે નહિ. દ્રવ્ય સબંધિ કંઈક નુકશાન થશે. સર્વેની પ્રકૃતિ થોડી ઘણી બગડશે, મનમાં સંતાપ થયાં કરશે. કોર્ટ સંબંધિ કાર્યમાં બરાબર જય મળશે નહિ.

કર્ક રાશિ વાળાઓને–વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય સબંધિ લાભ ઠીક થશે, પોતાની પ્રકૃતિમાં થોડો ઘણો બગાડ થશે પ્રવાસ કરવો પડશે.

સિંહ રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ સારો થશે. સર્વે કાર્યમાં જશ મળશે, રાજ્ય તરફથી સત્કાર થશે. કોર્ટ સબંધિ કાર્યમાં જય મળશે.

કન્યા રાશિ વાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે પરંતુ પોતાની પ્રકૃતિ બરાબર રહેશે નહિ. માથે કંઇક આળ આવશે.

તુલા રાશિ વાળાઓને—કુટુંબમાં ક્લેશ જાગશે. વ્યાપાર ઉદ્યોગ મધ્યમ રીતે ચાલશે. દ્રવ્યલાભ મધ્યમ થશે, મન અસ્વસ્થ રહેશે.

વૃશ્ચિક રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ થોડો ઘણો મંદ પડી જશે. દ્રવ્ય સબંધિ થોડું ઘણું નુકશાન થશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડશે, મન અસ્વસ્થ રહેશે.

ધન રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ પ્રથમ મંદ પડી જશે પરંતુ પાછળથી સારો ચાલશે. દ્રવ્ય સબંધિ થોડો ઘણો લાભ થશે. સ્ત્રી પુત્રની પ્રકૃતિ થોડી ઘણી બગડશે, કોર્ટ સંબંધિ કાર્યમાં કંઇક શાન્તિ મળશે.

મકર રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે, દ્રવ્ય લાભ સારો થશે, સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહેશે, નવિન સંતાનનો લાભ થશે. નવિન ઉદ્યોગ હાથ લાગશે.

કુંભ રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલશે, દ્રવ્ય લાભ સારો થશે. સ્ત્રી બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડશે, મનની ઇચ્છા સફળ થશે નહિ.

મીન રાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મંદ પડી જશે. દ્રવ્ય સબંધિ થોડું ઘણું નુકશાન થશે. સ્ત્રીની પ્રકૃતિ થોડી ઘણી બગડશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડશે.

આષાઢ માસનું ફળ.

આષાઢ સુદી ૧—તા. ૧–૭–૧૬ શનિવાર—આ દિવસે પુનર્વસુ નક્ષત્ર છે જેથી દુષ્કાળનો ભય કંઇક ભાગે ઓછો થાય.

,, **સુદી ૨** તા. ૨–૭–૧૬ રવીવાર—મિથુનનો બુધ થાય છે જેથી વર્ષાદની તાણ દુર થાય, સુતર તથા કપાસનો ભાવ નરમ પડે. બાળકોમાં બિમારી ચાલે, ઘઉં, તલ, અડદ સોંઘા થાય.

,, **સુદી ૫** તા. ૫–૭–૧૬ બુધવાર—આ દિવસે પુનર્વસુ નક્ષત્ર નથી જેથી વૃષ્ટિનો યોગ મધ્યમ છે. સોનુ, સુતર, કપાસ, તલ, કોસુંબી, રેશમી કાપડ અડદ વિગેરેના ભાવમાં વધારો થાય.

,, **સુદી ૭** તા. ૭–૭–૧૬ શુક્રવાર—મિથુન રાશિનો શુક્ર પૂર્વમાં મનુષ્ય ગણ નક્ષત્રમાં ઉદય થાય છે જેથી કાઠીયાવાડમાં વિગ્રહ થાય કલિંગ દેશમાં મધ્યમ વર્ષા પ્રસાર થાય. મારવાડમાં દુકાળ પડે, ઘી અને અનાજ મોંઘું વેચાય, સોના રૂપાના ભાવમાં પણ વધારો થાય. ગાયો, ભેંસોમાં રોગ ચાલે. કપાસ, રૂ, સુતર મોંઘા વેચાય.

,, **સુદી ૧૧** તા. ૧૧–૭–૧૬ મંગળવાર—દેવશયની એકાદશી છે જેથી વૃષ્ટિ મધ્યમ થાય.

,, સુદી ૧૨ તા. ૧૨–૭–૧૬ બુધવાર–કન્યા રાશિનો મંગળ થાય છે જેથી વૃષ્ટિ થોડી થાય, પશુઓમાં રોગ ચાલે ઘી અને મીઠાનો ભાવ વધી જાય, ચોખા ઘઉંનો ભાવ વધી જાય.

,, સુદી ૧૫ તા. ૧૫–૭–૧૬ શનિવાર—કર્ક સંક્રાંતિ બેસે છે અને તે વખતે મકરના ચંદ્રમા છે જેનું ફળ એવું છે કે.–

कर्कार्के मकरे चन्द्रो दुर्भिक्षं कुरुते जने ॥
घोरं यावच्चतुर्मासो दासीकृत धनेश्वरः ॥१॥
आषाढे कर्म संक्रान्तो क्रुरवारेति वर्षणं ॥
यस्मिन्वारेस्ति संक्रान्तित्रैवावसीतिथि ॥
लोकेखर्प्पर योगोयंजीवधान्यादि नाशकः ॥

જો કર્ક સંક્રાંતિના દિવસે મકરના ચંદ્રમા હોય તો દુષ્કાળ ઉપજાવે, ચાર મહીના સુંધીનો સમય એવો જાય કે ધનવાન્ મનુષ્યોને પણ દાસપણું કરવું પડે.

જો કર્ક સંક્રાન્તિના દિવસે ગુરૂવાર—રવી, શનિ કે મંગળ હોય તો અતિ વૃષ્ટિ થાય જે વારે સંક્રાન્તિ હોય તેજ વારે જો અમાવાસ્યા હોય તો ખર્પ્પર યોગ થાય, જેથી પ્રાણી અને અનાજનો નાશ કરે.

આ પુનેમની રાત્રે વાદળાં વગરનો નિર્મળ ચંદ્રમા હોય તો તેનું ફળ સારૂં નથી. અને તેથી અનાજનો સંગ્રહ કરવાથી પાંચ મહીનાની અંદર લાભ થાય છે. વળી આ દિવસે સૂર્યાસ્ત સમયે

જો પૂર્વ તરફનો પવન વાતો હોય તો પૃથ્વિ ધાન્ય યુકત થાય. અગ્નિકોણના પવનથી રોગની ઉત્પત્તિ, દક્ષિણના પવનથી રાજાઓ માં ઘોર યુદ્ધ. નૈઋત્યના પવનથી દુષ્કાળ, પશ્ચિમના પવનથી પ્રબળ વૃષ્ટિ, વાયવ્યના પવનથી મચ્છર, માંખની ઉત્પત્તિ, ઉત્તરના પવનથી આનંદ અને ઇશાનના પવનથી સારી વૃષ્ટિ તથા ધાન્ય ની મોંઘવારી થાય છે. વાદળાનો રંગ ધોળો હોય તો સારો અને કાળો હોય તો મધ્યમ છે.

,, વદી ૧–તા. ૧૬–૭–૧૬ રવીવાર. મિથુનરાશિનો બુધ પૂર્વમાં અસ્ત થાય છે જેથી રાજાઓને કષ્ટ ઉત્પન્ન થાય.

,, વદી ૫–તા. ૧૯–૭–૧૬ બુધવાર. પુષ્ય નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી સોનું, ઘી, ચાંદી, અનાજ, મીઠું, સરસવ, સાજીખાર, સંચળ, તેલ, હિંગ વિગેરેના ભાવમાં વધારો થાય.

,, વદી ૬–તા. ૨૦–૭–૧૬ ગુરૂવાર કર્કરાશિનો શનિ થાય છે જેથી રોગનો ઉપદ્રવ અધિક ચાલે, મનુષ્યોમાં ચિંતા, વિરોધ ઉત્પન્ન થાય, અતિશય ગર્જના યુક્ત જળ પડવાથી ભારે નુકશાન, પશુઓનો નાશ થાય.

,, વદ ૭–તા. ૨૧–૭–૧૬ શુક્રવાર. કર્કરાશિનો બુધ થાય છે જેથી મહાવર્ષા થાય, ડાંગર વિગેરેનું વાવેતર થાય.

,, વદ ૩૦–તા. ૨૯–૭–૧૬ શનિવાર. ખપ્પરયોગ છે જેથી રોગાદિ ઉપદ્રવો થાય.

એકંદર સારાંશ.–સોનુ, રૂપુ, ઘી, મીઠું, સરસવ, તેલ સુતર, કપાસ, ચોખા, ઘઉં વિગેરેના ભાવોમાં વધઘટ થાય. પશુ-

ઓમાં બિમારી ચાલે, વર્ષાદની તાણથી દુષ્કાળનો ભય ઉત્પન્ન થાય અગર તો એટલી બધી ભારે વષ્ટિ થાય કે જેથી ભારે નુકશાન થાય- વિવિધ પ્રકારના રોગ, ચિંતા, ઉદ્વેગમાં આ મંદીનો પ્રસાર થાય એવા સંજોગો ઉપજેલા છે.

જુદી જુદી રાશિવાળાં મનુષ્યો માટે શુભાશુભ ફળ.

મેષ રાસિવાળાઓને–દ્રવ્યલાભ મધ્યમ થાય, વ્યાપાર ઊદ્યોગ પાછળથી સારો ચાલે બગડેલી પ્રકૃતિ દુરસ્ત થાય. મનનો ઉદ્વેગ શાંત થાય.

વૃષભરાશિવાળાઓને–વ્યાપાર રોજગાર પાછળથી મંદ પડી જાય, દ્રવ્ય સબંધિ કંઇક નુકશાન થાય, પ્રવાસ કરવો પડે. પોતાની તથા બાળકો પ્રકૃતિ થોડી ઘણી બગડે-

મિથુન રાશિવાળાઓને–વ્યાપાર ઊદ્યોગ સારો ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, કુટુંબમાં એકાદ મનુષ્યની પ્રકૃતિ બગડે. કોર્ટ સબંધિ કાર્યમાં જય મળે.

કર્ક રાશિવાળાઓને–દ્રવ્ય લાભ સાધારણ થાય, વ્યાપાર ઊદ્યોગ બરાબર ચાલે નહિ. પોતાની પ્રકૃતિ બરાબર રહે નહિ, દ્રવ્ય સબંધિ કંઇક નુકશાન થાય, મન ઉદ્વેગતામાં રહે.

સિંહ રાશિવાળાઓને–વ્યાપાર ઊદ્યોગ ઠીક ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય પરંતુ અણુ ધાર્યું ખર્ચ થાય, પ્રકૃતિ સ્વસ્થ રહે નહિ. કામ કરવામાં અણગમો ઉત્પન્ન થાય.

કન્યારાશિ વાળાઓને–વ્યાપાર ઊદ્યોગ સારો ચાલે, દ્રવ્ય

લાભ સારો થાય, સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહે, રાજ્ય તરફથી સન્માન થાય, દરેક કાર્યમાં જશ મળે. નવિન સંતાનનો લાભ થાય.

તુલારાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, પરંતુ પ્રકૃતિ બરાબર રહે નહિ. ખટપટ ઉત્પન્ન થાય.

વૃશ્ચિક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલે. દ્રવ્ય સબંધિ નુકશાન થાય, પ્રકૃતિમાં બિગાડ થાય, મન ઉદ્વેગતામાં રહે. કુટુંબમાં કલેશ ઉત્પન્ન થાય.

ધન રાશિ વાળાઓને વ્યાપાર ઉદ્યોગ મધ્યમ સર ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, પોતાની તથા બાળકોની પ્રકૃતિ-અસ્વસ્થ રહે.

મકરરાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ પાછળથી ઠીક ચાલે, દ્રવ્યની પ્રાપ્તિ થાય, સ્ત્રીની પ્રકૃતિમાં બિગાડો થાય.

કુંભરાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે પરંતુ પાછળથી દ્રવ્ય સબંધિ કંઈક નુકશાન થાય, માથે શત્રુ ઉત્પન્ન થાય પરંતુ તેનો નાશ થાય. મોસાળપક્ષમાં કોઈને ભારે બિમારી થાય.

મિનરાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમ ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, સંતતિને કંઇક વ્યાધિ ઉત્પન્ન થાય. કોર્ટ સબંધિ કાર્યોમાં દ્રવ્યનું ખર્ચ કરવું પડે.

શ્રાવણ માસનું ફળ.

શ્રાવણસુદી ૩ તા. ૨–૮–૧૬ બુધવાર. આશ્લેષા મહાનક્ષત્રનો સૂર્ય થાય છે જેથી મજીઠ, ધાણા, મસુર, મરચાં, કોદરા અને

અડદના ભાવમાં વધારો થાય. પશ્ચિમ તરફ એક મહીનો દુઃખ ઉત્પન્ન થાય.

,, સુદી ૭ તા. ૫-૮-૧૬ રવીવાર. સિંહનો બુધ થાય છે જેથી વૃષ્ટિની તાણુ પડે, ખેતીમાં સુકવણું પડે, વિશેષે કરી અડદ તથા મગનું વાવેતર ઓછું થાય. અનાજના ભાવમાં વધારો થાય.

,, વદી ૩ તા. ૧૬-૮-૧૬ બુધવાર-મઘા મહાનક્ષત્રનો સૂર્ય થાય છે. જેથી તલ, તેલ, ઘી, પરવાળાં ચણા, ગોળ, અળસી વિગેરેના ભાવમાં વધારો થાય.

,, વદી ૫ તા. ૧૮—૮—૧૬ સુક્રવાર-બુધનો ઉદય પશ્ચિમ દિશામાં થાય છે જેથી પશુઓમાં બિમારી ચાલે.

,, વદી ૧૦ તા. ૨૩—૮—૧૬ બુધવાર-મેષરાશિનો ગુરૂ વક્રગતિને પામે છે જેથી ગાય, ભેંસ વિગેરેની કિંમતમાં વધારો થાય તેમજ બે મહીના પછી તેલવાળી ત્રીજો મોંઘી વેચાય.

,, વદી ૧૧ તા. ૨૪—૮—૧૬ ગુરૂવાર-કન્યારાશિનો બુધ થાય છે જેથી વૃષ્ટિની તાણુ દુર થાય. અનાજનો ભાવ નરમ પડે.

,, વદી ૧૩ તા. ૨૬—૮—૧૬ શનિવાર-અગસ્ત્યનો ઉદય રાત્રિએ થાય છે જેથી વિવિધ ઉત્પાતોની શાન્તિ થાય.

એકંદર શારાંશ—ધઉં. મરચાં, કોદરા, મજીઠ, અડદ, ચણા. તલ. તેલ, ઘી, ગોળ, અળસીના ભાવમાં વધારો થાય. પશુઓમાં બિમારી ચાલે, વૃષ્ટિની તાણુ પડવાથી અનાજના ભાવોમાં વધારો થાય, પરંતુ પાછળથી વૃષ્ટિ થવાને લીધે અનાજના ભાવો નરમ પડે.

જુદી જુદી રાશિવાળાં મનુષ્યો માટે શુભાસુભ ફળ.

મેષરાશિવાળાઓને—દ્રવ્યલાભ સારો થાય, વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે. કંઈક અણધાર્યું ખર્ચ થાય. સંતાનોની પ્રકૃતિ થોડી ઘણી બગડે. મનમાં ધારેલા કાર્યમાં અડચણ આવે.

વર્ષરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ પાછળથી ઠીક ચાલે. દ્રવ્યલાભ સાધારણ રીતે સારો થાય વડીલોની પ્રકૃતિમાં કંઇક બિગાડો થાય. કોર્ટ સબંધિ કંઇક કેશ ઉત્પન્ન થાય.

મિથુન રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ સારો થાય. દરેક કાર્યમાં જશ મળે. સર્વેની પ્રકૃતિ સારી રહે પરંતુ પાછળથી કંઇક ઉપાધિ ઉત્પન્ન થાય.

કર્ક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. બગડેલી પ્રકૃતિ તનદુરસ્ત થાય. કોર્ટ સબંધિ કાર્યનો નિવેડો આવે.

સિંહ રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમ ચાલે. દ્રવ્ય લાભ મધ્યમ થાય. સર્વેની પ્રકૃતિ સાધારણ રહે. મનમાં કંઇક સંતાપ રહયાં કરે.

કન્યા રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય, પરંતું કંઇક ખર્ચ થાય. કોર્ટ સબંધિ કંઇક અડચણ ઉભી થાય. પોતાની પ્રકૃતિમાં કંઇક બિમારી ઉત્પન્ન થાય.

તુલા રાશિવાળાઓને—દ્રવ્ય લાભ ઉતમ થાય. વ્યાપાર

ઉદ્યોગ સારો ચાલે. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહે. કંઇક નવિન ઉદ્યોગ હાથ આવે.

વૃશ્ચિક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ સારો થાય. દરેક કાર્યમાં જશ મળે, પરંતુ પોતાની પ્રકૃતિમાં કંઈક બિગાડો થાય.

ધન રાશિવાળાઓને—દ્રવ્યલાભ મધ્યમ થાય. વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે. દરેકની પ્રકૃતિમાં થોડો ઘણો ફેરફાર થાય.

મકર રાશિવાળાઓને—દ્રવ્ય લાભ ઠીક થાય. ઉદ્યોગ સારો ચાલે. પોતાની પ્રકૃતિ મધ્યમસર રહે.

કુંભરાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. સ્ત્રીની પ્રકૃતિમાં બિગાડ થાય.

મીન રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલી દ્રવ્ય લાભ થાય. પરંતુ શત્રુ તથા રોગાદિની ઉત્પત્તિ થાય.

ભાદરવા માસનું ફળ.

સુદી ૧ તા. ૨૯—૮—૧૬ મંગળવાર-તુલારાશિનો મંગળ થાય છે જેથી ઘઉં અને કપાસના ભાવમાં વધારો થાય.

„ સુદી ૨ તા. ૩૦—૮—૧૬ બુધવાર-પૂર્વા ફાલ્ગુની મહા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી ઊન, રેશમ, તલ, ચાંદીના ભાવમાં વધારો થાય.

„ સુદ ૩ તા. ૩૧—૮—૧૬ ગુરૂવાર-કર્કરાશિનો શુક્ર થા-

થ છે જેથી દુકાળનો ભય ઉત્તર તરફના દેશોમાં ઉત્પન્ન થાય.

„ **વદી ૧** તા. ૧૨—૯—૧૬ મંગળવાર—ઉત્તરા ફાલ્ગુની મહા નક્ષત્રમાં સૂર્ય જાય છે તેથી અડદ, મગ, ચોખા, મીઠું. સીંધવ, સાજીખાર, અને લસણના ભાવમાં વધારો થાય.

„ **વદી ૫** તા. ૧૬—૯—૧૬ શનિવાર-કન્યા સંક્રાન્તિનો સુર્ય થાય છે જેથી ધાન્યનો નાશ થાય.

„ **વદી ૯** તા. ૨૦—૯—૧૬ બુધવાર-કન્યારાશિનો બુધ અસ્ત થાય છે જેથી વર્ષાદની તાણ દુર થાય.

„ **વદી ૧૪** તા. ૨૬—૯—૧૬ મંગળવાર—હસ્ત મહા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી સુખડ, કપુર, દેવદાર, અગર. કંદમૂળના ભાવમાં વધારો થાય.

એકંદર સારાંશ—આ મહીનામાં ઘઉં અને કપાસના ભાવમાં વધારો થાય, વળી ઉન રેશમ, તલ, ચાંદી. અડદ, મગ, ચોખા, મીઠું, સીંધવ, સાજીખાર, લસણ સુખડ, કપુર, કેસર વિગેરે પણ મોંઘાં વેચાય. વર્ષાદની તાણ ઉત્પન્ન થાય પરંતુ પાછળથી કંઇક શાંતિ થાય.

જુદી જુદી રાશિવાળા મનુષ્યો માટે શુભાશુભ ફળ.

મેષ રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ સારો થાય પરંતુ પાછળથી કંઇક નુકશાન થાય. પોતાની પ્રકૃતિમાં કંઇક બિગાડો થાય.

વૃષભ રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ મધ્યમસર ચાલે.

દ્રવ્ય લાભ મધ્યમ થાય. પોતાની તથા સ્ત્રી બાળકોની પ્રકૃતિમાં કંઇક બિગાડો થાય.

મિથુન રાશિવાળાઓને વ્યાપાર ઉદ્યોગ પાછળથી સારો ચાલે, દ્રવ્ય લાભ સારો થાય. વડીલોની પ્રકૃતિમાં બિગાડો થાય. પ્રવાસ કરવો પડે.

કર્ક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. પરંતુ કંઇક ખટપટ ઊભી થાય જેથી મન ઉદ્વેગમાં રહે.

સિંહ રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. પ્રકૃતિ મધ્યમ સર રહે.

કન્યારાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. મનમાં કંઇક સંતાપ ઉત્પન્ન થાય.

તુલારાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય, પરંતુ ખર્ચ વિશેષ થાય તેથી મન ઉદાસી રહે.

વૃશ્ચિક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે, દ્રવ્ય લાભ અધિક થાય. મનમાં ધારેલું કાર્ય પાર પડે. પોતાની પ્રકૃતિ સાધારણ નરમ રહે.

ધનરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. ધનની પ્રાપ્તિ સારી થાય. શરીરે કંઇક વ્યાધિ ઉત્પન્ન થાય.

મકર રાશિવાળાઓને—ધંધો રોજગાર મધ્યમસર ચાલે. પૈસો ઠીકાઠીક મળે. તબીયત પાછળથી લથડે. કુટુંબમાં કલેશ ઉત્પન્ન થાય.

કુંભરાશિવાળાઓને—ધંધો રોજગાર સારો ચાલે. દ્રવ્ય ઠીક મળે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ બગડે.

મીનરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. ધન લાભ સારો થાય. સ્ત્રીની પ્રકૃતિ થોડી ઘણી બગડે. કંઇક ખટપટ ઉત્પન્ન થાય.

આસો માસનું ફળ.

સુદી ૩ તા. ૩૦–૯–૧૬ શનિવાર–સિંહરાશિનો શુક્ર થાય છે જેથી રોગાદિ વિવિધ ઉત્પાતો થાય.

„ **સુદી ૧૦** તા. ૬–૧૦–૧૬ શુક્રવાર–બુધનો ઉદય પૂર્વમાં થાય છે જેથી અનાજની ઉત્પત્તિ સારી થાય.

„ **સુદી ૧૩** તા. ૯–૧૦–૧૬ સોમવાર–ચિત્રા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી સોનું, ચાંદી, મોતી, ગોળ, મગ, અડદ વિગેરેના ભાવમાં વધારો થાય.

„ **સુદી ૧૫** તા. ૧૧–૧૦–૧૬ બુધવાર–વૃશ્ચિક રાશિનો મંગળ થાય છે જેથી કપાસ, ઘઉંનો ભાવ વધી જાય. રોગની ઉત્પત્તિ થાય.

વદી ૫ તા. ૧૬—૧૦—૧૬ સોમવાર–તુલા સંક્રાન્તિનો સૂર્ય થાય છે જેથી અનાજની પેદાશ સારી થવાથી ભાવમાં ઘટાડો થાય.

„ **વદી ૧૨** તા. ૨૩—૧૦—૧૬ સોમવાર–સ્વાતિ મહા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી સોપારી, મરચાં, સરસવ, તલ, રાઇ,

હીંગ, ખજુર વિગેરેના ભાવમાં વધ ઘટ થાય. ઉત્તર તરફના દેશોમાં કંઇક કષ્ટ ઊત્પન્ન થાય.

એકંદર સારાંશ—આ મહીનામાં રોગનો ઉપદ્રવ વિશેષ ચાલે. સોનું, ચાંદી, ગોતી, ગાળ, મગ' અડદ, કપાસ, ઘઉં, મરચાં, સરસવ, તલ, રાઇ વિગેરેના ભાવમાં વધઘટ થાય. નવિન અનાજની ઉત્પત્તિ સારી થાય. લોકોના મન કંઇક આનંદ અને કંઇક ઊદ્વેગતામાં રહે.

જુદીજુદી રાશિવાળાઓ માટે શુભાશુભ ફળ.

મેષ રાશિવાળાઓને—ધંધો રોજગાર પાછળથી સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. સ્રીની પ્રકૃતિ બગડશે. દરેક કાર્યમાં પાછળથી લાભ થશે.

વૃષભ રાશિવાળાઓને—ધંધો રોજગાર મંદ પડી જશે. દ્રવ્ય લાભ મધ્યમ થશે. સર્વેની પ્રકૃતિ મધ્યમ રહેશે. શત્રુ ઊત્પન્ન થશે. પાછળથી દરેક બાબતમાં કંઇક ફાયદો થશે.

મીથુન રાશિવાળાઓને વ્યાપાર ઊદ્યોગ મધ્યમસર ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. સર્વની પ્રકૃતિ મધ્યમ રહેશે.

કર્ક રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલશે. મા-બાપની પ્રકૃતિ બગડશે. પ્રવાસ કરવો પડશે. દ્રવ્ય લાભ મધ્યમ થશે.

સિંહ રાશિવાળાઓને—વ્યાપાર ઊધ્યોગ પાછળથી મંદ પડી જશે. પ્રવાસ કરવો પડશે. કુટુંબમાં કેટલાએકની પ્રકૃતિ બગડશે. મન ઊદ્વેગતામાં રહેશે.

કન્યા રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. પોતાને ત્રિદોષ જેવી બિમારી થશે. કોર્ટ સબંધિ કાયમાં જય મળશે

તુલા રાશિવાળાઓને—દ્રવ્ય લાભ મધ્યમ થશે. વ્યાપાર ઊદ્યોગ સાધારણ ચાલશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિમાં કંઇક બિગાડો થશે. મનમાં સંતાપ રહ્યાં કરશે.

વૃશ્ચિક રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે પરંતુ ખર્ચ પણ વિશેષ થશે. પોતાની પ્રકૃતિ સારી રહેશે નહિ.

ધનરાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. ઊદ્યોગ સારો ચાલશે. દરેક કાર્યમાં જય મળશે. રાજ્ય તરફથી સત્કાર થશે. નવિન પ્રજાનો લાભ થશે.

મકરરાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ સારો થશે, પરંતુ પોતાની પ્રકૃતિમાં બિગાડ થવાથી મન ઊદ્વેગતામાં રહેશે. કોર્ટ સબંધિ કાર્યમાં લાભ થશે.

કુંભ રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ મધ્યમસર ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. તિર્થયાત્રાએ જવું પડશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિમાં કંઇક બિગાડો થશે.

મીન રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. દરેકની તનદુરસ્તીમાં ફેરફાર થશે. કોર્ટ સબંધિ કાર્યમાં ચિંતા ઊત્પન્ન થશે.

કાર્તિક માસનું ફળ.

સુદી ૫ તા. ૩૧—૧૦—૧૬ મંગળવાર—તુલાનો બુધ થાય છે જેથી રોગાદિનો ભય ઉત્પન્ન થાય.

,, સુદી ૧૦ તા. ૫—૧૧—૧૬ રવીવાર. વિશાખા મહા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી જવ, ધઊ, રાઈ, મસુર વિગેરેના ભાવમાં વધારો થાય.

,, સુદી ૧૫ તા. ૯—૧૧—૧૬ ગુરૂવાર—તુલાનો બુધ અસ્ત થાય છે જેથી અનાજના ભાવમાં વધારો થાય.

,, વદી ૧ તા. ૧૦—૧૧—૧૬ શુક્રવાંર—કર્કરાશિનો શનિ-વક્રગતિનો થાય છે જેથી મનુષ્યોમાં પીડા ઉત્પન્ન થાય.

,, વદી ૫ તા. ૧૫—૧૧—૧૬ બુધવાર—વૃશ્ચિક સંક્રાતિનો સૂર્ય થાય છે જેથી ચાંદીના ભાવમાં વધારો થાય. લોકોમાં રોગા-દિનો ઉપદ્રવ થાય. અનાજના ભાવમાં વધારો થાય.

,, વદી ૮ તા. ૧૮—૧૧—૧૬ શનિવાર—અનુરાધા મહા નક્ષત્રનો સૂર્ય થાય છે. તથા ધનરાશિનો રાહુ થાય છે જેથી શતા-વરી, ચોખા, ચણા વિગેરેના ભાવમાં વધારો થાય. ઘોડા, હાથી, ભેંસો વિગેરેની કિંમતમાં વધારો થાય.

,, વદી ૯ તા. ૧૯—૧૧—૧૬ રવીવાર—વૃશ્ચિક રાશિનો બુધ થાય છે. જેથી ગોળ, ઘીના ભાવમાં વધારો થાય.

,, વદી ૧૦.તા.૨૦—૧૧—૧૬ સોમવાર—ધનરાશિનો મંગળ થાય છે જેથી તલ, ઘી, અડદના ભાવમાં વધારો થાય. વર્ષાદનું માવઠું થાય.

,, વદી ૧૧ તા. ૨૧—૧૧—૧૬ મંગળવાર-તુલારાશિનો શુક્ર થાય છે જેથી ચોખાંના ભાવમાં વધારો થાય. ચાંદીનો ભાવ તેજ થાય.

એકંદર સારાંશ—આ મહિનામાં જવ, ઘઊં, રાઇ, ચોખા, ચણા, ગોળ, ઘી, તલ તથા અડદના ભાવમાં વધારો થાય. રોગનો ઉપદ્રવ થાય. વૃષ્ટિ થાય. પશુઓની કિંમતમાં વધારો થાય.

જુદી જુદી રાશિવાળાં મનુષ્યો માટે શુભાશુભ ફળ.

મેષ રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે. ધનલાભ સાધારણ થાય. પોતાની પ્રકૃતિમાં કંઇક બિગાડો થાય. માથે કંઈક આળ આવે.

વૃષભ રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ પાછળથી ઠીક ચાલે. દ્રવ્ય સાધારણ મળે. સ્ત્રીની પ્રકૃતિ લથડે.

મીથુન રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થાય. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે પરંતુ પાછળથી કંઇક નુકશાન થાય. શત્રુ ઉત્પન્ન થાય પરંતુ તેનો નાશ થાય.

કર્ક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમ રીતે ચાલે. દ્રવ્ય લાભ મધ્યમ થાય. સંતાનોની પ્રકૃતિ બગડે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ મધ્યમસર રહે.

સિંહરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ પાછળથી સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. સર્વેની પ્રકૃતિ સાધારણ રીતે સારી રહે. પશુઓમાં લાભ પ્રાપ્ત થાય.

કન્યારાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. પૈસો રૂડી રીતે મળે. પ્રવાસ કરવો પડે. મનમાં જુદા જુદા પ્રકારના સંકલ્પ વિકલ્પ થયાં કરે.

તુલારાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય, કોર્ટ સબંધિ કાર્યમાં જય મળે. સર્વની પ્રકૃતિ સાધારણ રહે.

વૃશ્ચિક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે. દ્રવ્ય લાભ મધ્યમ થાય પોતાની પ્રકૃતિમાં બગાડો થાય, મન ઉદ્વેગતામાં રહ્યાં કરે.

ધનરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. અણધાર્યું ખર્ચ થાય, સર્વેની પ્રકૃતિ મધ્યમસર રહે.

મકર રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થાય. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દરેક કાર્યમાં જય મળે. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહે.

કુંભરાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ સારો થાય. પોતાની પ્રકૃતિ થોડી ઘણી બગડે. રાજ્ય તરફથી સારો સત્કાર થાય.

મીનરાશિ વાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર સારો ચાલે. દ્રવ્ય લાભ મધ્યમ થાય. સર્વની પ્રકૃતિ લથડે. કુટુંબમાં કલેશ ઉત્પન્ન થાય.

માગશર માસનું ફળ.

માગશર સુદી ૭ તા. ૧—૧૨—૧૬ શુક્રવાર–જેષ્ટા મહા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી ગુગળ, ગોળ, લાખ, કપુર, પારો, હિંગ વિગેરેના ભાવમાં વધઘટ થાય.

,, સુદી ૧૨ તા. ૬—૧૨—૧૬ બુધવાર–ધનરાશિનો બુધ થાય છે જેથી અનાજના ભાવ નરમ પડી જાય.

,, વદી ૧ તા. ૧૦—૧૨—૧૬ રવીવાર–ધનનો બુધ ઉદય થાય છે જેથી રોગાદિની શાન્તિ થાય.

,, વદી ૬ તા. ૧૫—૧૨—૧૬ શુક્રવાર–મુળ મહા નક્ષત્ર તથા ધન સંક્રાન્તિનો સૂર્ય થાય છે તથા વૃશ્ચિકનો શુક્ર થાય છે જેથી સફેદ વસ્તુઓ, ગોળ, ઘી, તેલ, અનાજ, સિંધવ, કપાસ તથા મીઠાના ભાવમાં વધઘટ થાય. પશ્ચિમમાં એક મહીના સુધી અશાન્તિ ફેલાય. મ્લેચ્છોને સુખ થાય.

,, વદી ૧૧ તા. ૨૧—૧૨—૧૬ ગુરૂવાર–ધનનો મંગળ પશ્ચિમે અસ્ત થાય છે જેથી અન્નના ભાવમાં વધઘટ થાય.

એકંદર સારાંશ—ગોળ, ઘી, તેલ, અનાજ, કપાસ, મીઠું, હિંગ, લાખ પારો વિગેરેના ભાવમાં વધઘટ થાય. રોગના ઉપદ્રવની શાન્તિ થાય. ચાંદીના ભાવમાં થોડો ઘણો ફેરફાર થાય. સફેદ વસ્તુઓના ભાવ પણ ફરી જાય. હલકી જાતના લોકોને કંઇક સુખ શાન્તિ જણાય.

જુદી જુદી રાશિવાળાઓ માટે શુભાશુભ ફળ.

મેષરાશિવાળાઓને—ધંધો રોજગાર પાછળથી મંદ પડી જશે. દ્રવ્યલાભ મધ્યમ થશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડશે.

વૃષભરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. પોતાની પ્રકૃતિ થોડી ઘણી બગડશે. કોર્ટ સબંધિ કેસ ઉત્પન્ન થશે.

મિથુન રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ પાછળથી સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. સ્ત્રીની તથા બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડશે. નવિન ઉદ્યોગ હાથ લાગશે.

કર્ક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ સારો થશે. દ્રવ્ય લાભ સારો થશે. માથે શત્રુ ઉત્પન થશે. સર્વેની પ્રકૃતિ થોડી ઘણી બગડશે.

સિંહરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. પ્રવાસ કરવો પડશે. બાળકોની પ્રકૃતિ બગડશે જેથી જાને શ્રમ કરવો પડશે,

કન્યારાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ ઠીક ચાલશે, દ્રવ્ય લાભ ઠીક થશે, નોકરોની પ્રકૃતિ બગડશે, પ્રવાસ કરવો પડશે, મનમાં સંતાપ રહ્યાં કરશે.

તુલારાશિવાળાઓને—દ્રવ્ય લાભ ઠીક થશે, વ્યાપાર ઉદ્યોગ

સારો ચાલશે, પ્રવાસ કરવો પડશે, બાપ ભાંડુની પ્રકૃતિ થોડી ઘણી બગડશે,

વૃશ્ચિક રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે સારો ચાલે, દ્રવ્ય લાભ સાધારણ થાય, કુટુંબમાં એકાદ મનુષ્ય બીમાર પડે, કોર્ટમાં જય મળે

ધનરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે, દ્રવ્ય લાભ સાધારણ થાય. મનમાં કંઈ ગુપ્ત ચિંતાને લીધે ઉદ્વેગ-રહ્યાં કરે,

મકરરાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થાય, વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે પરંતુ અણધાર્યું ખર્ચ વિશેષ થાય, દરેકની પ્રકૃતિ સાધારણ રહે,

કુંભરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે, દ્રવ્ય લાભ સારો થાય, દરેક કાર્યમાં જય મળે, સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહે માત્ર બાળકોની પ્રકૃતિ સહેજસાજ બગડી પાછી દુરસ્ત થાય, કોર્ટ સબંધિ કાર્યમાં જય મળે.

મીનરાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, નવિન ઉદ્યોગ હાથ આવે. પોતાની પ્રકૃતિ થોડી ઘણી બગડે,

પોષ માસનું ફળ.

પોષ સુદી ૨ તા, ૨૬--૧૨—૧૬ મંગળવાર-મકરરાશિનો બુધ થાય છે જેથી શેરડી, અળસી, ચણા વિગેરે શિયાળુ અનાજને હિમથી નુકશાન થાય,

,, સુદી ૪ તા, ૨૮—૧૨—૧૬ ગુરૂવાર-પૂર્વાષાઢા મહા નક્ષત્રનો સૂર્ય થાય છે, જેથી ઘી, કંદમૂળ વિગેરેના ભાવમાં વધઘટ થાય,

,, સુદી ૫ તા, ૨૯—૧૨—૧૬ શુક્રવાર-મકરરાશિનો મંગળ થાય છે જેથી ગોળ, સાકર, ખાંડ વિગેરેના ભાવમાં ઘટાડો થાય,

,, વદી ૧ તા, ૯—૧—૧૭ મંગળવાર-ધનરાશિનો શુક્ર થાય છે જેથી અશાન્તિ ફેલાય,

,, વદી ૨ તા, ૧૦—૧—૧૭ બુધવાર-ઊત્તરાષાઢા મહા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી લોખંડની ચીજોના ભાવ વધી જાય,

,, વદી ૪ તા, ૧૨—૧—૧૭ શુક્રવાર-મકરનો બુધ પશ્ચિમે અસ્ત થાય છે જેથી વ્યાપારીઓને મધ્યમ લાભ થાય,

,, વદી ૫ તા, ૧૩—૧—૧૭ શનિવાર-મકર સંક્રાતિનો સૂર્ય થાય છે જેથી અનાજના ભાવ બમણા ત્રમણા વધી જાય,

,, વદ ૩૦) તા, ૨૩-૧-૧૭ મંગળવાર-શ્રવણ મહા નક્ષત્રનો સૂર્ય થાય છે જેથી સાકર, ગોળ, લીંડીપીંપર વિગેરેના ભાવમાં વધઘટ થાય,

એકંદર સારાંશ—આ મહીનામાં હીમ પડવાથી કેટલાએક પાકોને ઓછું વધતુ નુકશાન થાય, ઘી, સુરણ, રતાળુ. ગોળ, ખાંડ, સાકર વિગેરેના ભાવમાં વધઘટ થાય, લોખંડના ભાવમાં વધારો થાય, અનાજના ભાવમાં ઘણો વધારો થાય, લોકોમાં અશાન્તિ ફેલાય,

જુદી જુદી રાશિવાળા મનુષ્યો માટે શુભાશુભ ફળ.

મેષરાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલશે, દ્રવ્ય લાભ સારો થશે, રાજ્ય તરફથી સત્કાર થશે, સર્વેની પ્રકૃતિ સારી રહેશે, માત્ર પોતાની પ્રકૃતિ બગડશે,

વૃષભ રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ મધ્યમસર ચાલશે, દ્રવ્ય લાભ મધ્યમ થશે, પોતાની પ્રકૃતિમાં થોડો ઘણો બગાડ થશે, કુટુંબમાં થોડો ઘણો કલેશ ઉત્પન્ન થશે,

મિથુન રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ પાછળથી સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. સર્વની પ્રકૃતિ મધ્યમ રહેશે.

કર્ક રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ પાછળથી સારો ચાલશે. દ્રવ્ય લાભ સારો થશે સ્ત્રીની તથા બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડશે.

સિંહ રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. સર્વેની પ્રકૃતિ મધ્યમ રહેશે. માથે શત્રુ ઊત્પન્ન થશે પરંતુ તેનો નાશ થશે.

કન્યા રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ મધ્યમસર ચાલશે. દ્રવ્ય લાભ મધ્યમ થશે. બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડશે.

તુલા રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સાધારણ ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. નોકર ચાકરની પ્રકૃતિ થોડી ઘણી બગડશે. મનમાં ઊદ્વેગ થયાં કરશે.

વૃશ્ચિક રાશિવાળાઓને—વ્યાપાર ઊધ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ સારો થશે. દરેક કાર્યમાં જય મળશે. પ્રવાસ કરવો પડશે.

ધન રાશિવાળાઓને—ઊદ્યોગ મધ્યમસર ચાલશે. ધનલાભ ઠીક થશે. કુટુંબમાં વ્યાધિ થશે.

મકર રાશિવાળાઓને—વ્યાપાર સાધારણ ચાલશે. દ્રવ્ય લાભ મધ્યમથશે. પોતાની પ્રકૃતિ લથડશે. મનમાં સંતાપ થયાંકરશે.

કુંભરાશિવાળાઓને—ધંધો રોજગાર સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. સર્વેની પ્રકૃતિ થોડી ઘણી બગડશે.

મીન રાશિવાળાઓને—ઊદ્યોગ સારો ચાલશે. દ્રવ્ય લાભ ઠીક થશે. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહેશે. મનકામના પૂર્ણ થશે.

માહા માસનું ફળ.

માહાસુદી ૧ તા. ૨૪–૧–૧૭ બુધવાર–ધનનો બુધ થાય છે જેથી હીમનો ભય ઊત્પન્ન થાય.

માહાસુદી ૬ તા. ૨૮–૧–૧૭ રવીવાર–બુધનો ઉદય થાય છે જેથી ઉત્પાતોની શાન્તિ થાય.

માહાસુદી ૧૧ તા. ૨–૨–૧૭ શુક્રવાર–મકરરાશિનો શુક્ર-ચાય છે જેથી લોકોમાં અશાન્તિ ફેલાય.

માહાસુદી ૧૪ તા. ૫-૨-૧૭ સોમવાર-ધનિષ્ટા મહાનક્ષત્રનો સૂર્ય થાય છે જેથી સોનું, રૂપુ, મોતી, અને અનાજના ભાવમાં ઘટાડો થાય.

માહાસુદી ૧૫ તા.૬-૨-૧૭ મંગળવાર-કુંભરાશિનો મંગળ થાય છે જેથી ઊંદર, મોલો વિગેરેની વૃદ્ધિ થાય.

માહાસુદી ૧૫ તા. ૭-૨-૧૭ બુધવાર. મકરરાશિનો બુધ થાય છે જેથી સાધારણ હીમનો ભય ઉત્પન્ન થાય.

માહાવદ ૪ તા. ૧૧-૨-૧૭ રવીવાર કુંભસંક્રાન્તિ બેસે છે જેથી વિગ્રહ થાય. પંશુઓમાં રોગ ચાલે.

,, **વદ ૧૧** તા. ૧૮-૨-૧૭ રવીવાર-શતભિષા મહાનક્ષત્રનો સૂર્ય થાય છે જેથી સર્વે ધાતુઓ, સર્વ કરીયાણાં, જાયફળ, દેવદાર વિગેરેના ભાવમાં વધઘટ થાય.

એકંદર સારાંશ—હીમનો ભય ઊત્પન્ન થાય. સોનું, રૂપું. મોતી અને અનાજના ભાવમાં ઘટાડો થાય. ઊંદર, મોંલો વિગેરે ખેતીને નુકશાન કારક જંતુઓ પેંદા થાય. લોકોમાં અશાન્તિ ફેલાય.

જુદી જુદી રાશિવાળા મનુષ્યો માટે શુભાશુભ ફળ.

મેષ રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારી રીતે ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહે. દરેક કાર્યમાં જય મળે.

વૃષભ રાશિવાળાઓને—વ્યાપાર ઊદ્યોગ સારો ચાલે. દ્રવ્ય

લાભ ઠીક થાય. પોતાની પ્રકૃતિ સહેજસાજ બગડે. કોર્ટ સબંધી કાર્યમાં જય મળે.

મીથુન રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે. દ્રવ્ય લાભ મધ્યમ થાય. કુટુંબમાં કલેશ થાય, પોતાની પ્રકૃતિ મધ્યમ રહે.

કર્ક રાશિવાળાઓને—ધંધો રોજગાર સારો ચાલે. દ્રવ્ય લાભ મધ્યમ થાય. કોર્ટ સબંધી કેશ ઉત્પન્ન થાય. બાળકોની તથા પોતાની પ્રકૃતિ અસ્વસ્થ રહે.

સિંહ રાશિવાળાઓને—વ્યાપાર પાછળથી સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. પ્રવાસ કરવો પડે. સ્ત્રી તથા બાળકોની પ્રકૃતિમાં બગાડો થાય.

કન્યા રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. શત્રુ ઉત્પન્ન થાય પરંતુ તેનો નાશ થાય. સર્વેની પ્રકૃતિ મધ્યમ રહે,

તુલા રાશિવાળાઓને—ધંધો રોજગાર મધ્યમ ચાલે. દ્રવ્ય લાભ મધ્યમ થાય. પોતાની તથા બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડે. અણધાર્યું કષ્ટ આવી પડે.

વૃશ્ચિક રાશિવાળાઓને—ધંધો રોજગાર સારો ચાલે. દ્રવ્ય લાભ ઠીક થાય. વડીલોની પ્રકૃતિમાં બગાડો થાય. નવિન ખેતર વાડી વિગેરેને લાભ થાય.

ધન રાશિવાળાઓને—ધંધો રોજગાર મધ્યમસર ચાલે. દ્રવ્ય લાભ સાધારણ થાય ભાઈભાંડુની પ્રકૃતિ બગડે. પ્રવાસ કરવો

પડે. ઉદ્વેગતામાં દિવસો જાય.

મકર રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. પૈસો સારો મળશે. કુટુંબમાં એકાદ મનુષ્યની પ્રકૃતિ બગડશે.

કુંભ રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલશે. ધનની પ્રાપ્તિ સાધારણ થશે. પોતાની પ્રકૃતિ થોડી ઘણી બગડશે. સ્ત્રીની પ્રકૃતિમાં પણ બગાડો થશે. મનમાં સંતાપ થયાં કરશે.

મીન રાશિવાળાઓને—વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. ધન લાભ ઠીક થશે પરંતુ ખર્ચ વિશેષ થશે. મનમાં સંતાપ રહ્યાં કરશે.

ફાગણ માસનું ફળ.

ફાગણ સુદી ૫ તા. ૨૬-૨-૧૭ સોમવાર-કુંભ રાશિનો શુક્ર થાય છે જેથી અનાજના ભાવમાં વધઘટ થાય.

" સુદ ૯ તા-૨-૩-૧૭ શુક્રવાર કુંભરાશિનો બુધ થાય છે જેથી શુદ્રોમાં બિમારી ચાલે. અનાજના ભાવમાં વધારો થાય.

" " ૧૦ તા. ૩-૩—૧૭ શનિવાર—પૂર્વાભાદ્રપ મહા નક્ષત્રનો સૂર્ય થાય છે તેથી ગોળ, ખાંડ, સાકર અને તેલવિગેરેના ભાવમાં વધારો થાય.

" " વદી ૧ ૧ તા. ૧૩—૨—૧૭ મંગળવાર—મીન સંક્રાંતિનો સૂર્ય થાય છે તથા કુંભનો શુક્ર પૂર્વે અસ્ત થાય છે જેથી સોનાના ભાવમાં વધારો થાય, મારવાડ તથા સિંધમાં સાધારણ દુકાળ પડે, ફીરંગીઓમાં વિગ્રહ જાગે, વહાણોનો નાશ થાય. વરાડ, પંજાબ, કાઠીયાવાડમાં કષ્ટ થાય, દક્ષિણમાં શાન્તિ ફેલાય.

" " ૮ તા. ૧૬—૩—૧૭ શુક્રવાર—ઉત્તરા ભાદ્રપ

નક્ષત્રનો સૂર્ય થાય છે તથા મીન રાશિનો મંગળ થાય છે તેથી ઘી, મોતી વિગેરેના ભાવમાં વધઘટ થાય.

,, વદી ૧૦ તા. ૧૮–૩—૧૭ રવીવાર–મીન રાશિનો બુધ થાય છે જેથી પશુઓમાં ચાલનો રોગ શાન્તી થાય. કેશરના ભાવમાં વધારો થાય.

,, ૧૪ તા, ૨૨–૩–૧૭ ગુરૂવાર–મીનનો શુક્ર થાય છે જેથી જગતમાં શાન્તિ ફેલાય, કપાસ, રૂ, ચાંદી વિગેરેના ભાવમાં વધઘટ થાય.

એકંદર સારાંશ—આ મહીનામાં ગોળ, ખાંડ, સાકર, તલ ના તથા કેસરના ભાવમા વધારો થાય. કપાસ, રૂ, ચાંદી, ઘી, મોતી વિગેરેના ભાવમાં વધઘટ થાય. સોનાના ભાવમાં વધઘટ થાય. રોગાદિ ઉત્પાતોની કેટલાએક સ્થળોએ શાંતિ થાય. તેમજ કેટલીએક જગ્યોએ વધઘટ થાય.

જુદી જુદી રાશિવાળા મનુષ્યો માટે શુભાશુભ ફળ.

મેષરાશિ વાળાઓને—ધંધો રોજગાર સારો ચાલશે. દ્રવ્ય લાભ સારો થશે પરંતુ ખર્ચ પણ વિશેષ થશે. સર્વેની પ્રકૃતિ મધ્યમ રહેશે.

વૃષભરાશિ વાળાઓને ધંધો રોજગાર સારો ચાલશે દ્રવ્ય લાભ ઠીક થશે. દરેક કાર્યમાં જય મળશે. સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહેશે.

મીથુનરાશિ વાળાઓને વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે, દ્રવ્ય લાભ ઠીક થશે, પોતાની પ્રકૃતિમાં કંઈક બગાડો થાય, કોર્ટ સ–

બંધિ કાર્યમાં જય મળે,

કર્કરાશિ વાળાઓને વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે સર્વેની પ્રકૃતિ થોડી ઘણી બગડે. કુટુંબમાં કલેશ ઉત્પન્ન થાય,

સિંહરાશિ વાળાઓને વ્યપાર ઉદ્યોગ સારો ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, પોતાની પ્રકૃતિ અસ્વસ્થ રહે. માથે કંઇક આળ આવે.

કન્યારાશિ વાળાઓને વ્યાપાર ઉદ્યોગ પાછળથી સારો ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, સ્ત્રી તથા બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડે પોતાની પ્રકૃતિ સ્વસ્થ રહે.

તુલારાશિ વાળાઓને વ્યાર ઉદ્યોગ સારો ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, સર્વેની પ્રકૃતિ મધ્યમ રહે, શત્રુ ઉત્પન્ન થાય પરંતુ તેનો નાશ થાય.

વૃશ્ચિકરાશિ વાળાઓને ધંધો રોજગાર મધ્યમ ચાલે. પૈસા સાધારણ મળે, બાળકોની પ્રકૃતિ બગડે, વ્યાપારમાં કંઇક અણધાર્યું નુકશાન જણાય પરંતુ પાછળથી લાભ થાય,

ધનરાશિ વાળાઓને વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે, દ્રવ્ય લાભ ઠીક થાય, વડીલોની પ્રકૃતિ લથડે. પશુઓમાં કંઇક ફાયદો થાય

મકરરાશિ વાળાઓને વ્યાપાર ઉદ્યોગ મધ્યમસર ચાલે. ધન લાભ ઠીક થાય. ભાઇભાંડુની પ્રકૃતિમાં બગાડ થાય, પ્રયાસ કરવો પડે તેમાં કંઇક ફાયદો થાય.

કુંભરાશિ વાળાઓને વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે સારો ચાલે, દ્રવ્યલાભ ઠીક થાય, સર્વેની પ્રકૃતિ મધ્યમ રહે. કોર્ટ સંબંધિ કાર્યમાં જય મળે.

મીનરાશિ વાળાઓને ઉદ્યોગ મધ્યમસર ચાલે, દ્રવ્ય લાભ

સાધારણ થાય, સર્વની પ્રકૃતિ મધ્યમ રહે, મનમાં ગુપ્ત ચિંતા રહે જેથી સંતાપ થર્યા કરે,

વર્ષાદનો વર્તારો.

કૃતિકા નક્ષત્રનું ફળ.

આ નક્ષત્ર વૈશાખ સુદી ૮ તા. ૧૦—૫—૧૬ બુધવારના દિવસે બેસે છે. એમાં ગરમી અતિશય પડશે. બેલગામ, ધારવાડ, નાશિક, સતારા જીલ્લો એ તરફ ખંડ વૃષ્ટિ થશે. ગુજરાત, કોંકણમાં વર્ષાદ ક્વચિતજ થશે પરંતુ માત્ર પવન જોશમાં ફુંકાયાં કરશે.

રોહિણી નક્ષત્રનું ફળ.

વૈશાખ વદી ૮ તા. ૨૪—૫—૧૬ બુધવારે આ નક્ષત્ર બેસે છે. એમાં પણ ગરમી અતિશય પડશે. ગુજરાત, કોંકણ, ખાનદેશમાં પવન જોરથી ફુંકાશે તેમજ કોઇક સ્થળે વૃષ્ટિ પણ થશે.

મૃગશીર નક્ષત્રનું ફળ.

જેઠ સુદી ૬ તા. ૭—૬—૧૫ બુધવારે આ નક્ષત્ર બેસે છે. એમાં કોંકણ, પુના, નાશિક, ખાનદેશ, મધ્ય પ્રાંત, ગુજરાત, કાઠીઆવાડ વિગેરે સ્થળોએ વર્ષાદ વધતો ઓછો દરેક જગ્યાએ થશે. અહમદનગર, પશ્ચિમ ખાનદેશ, સોલાપુર તરફ ખંડ વૃષ્ટિ થશે.

આર્દ્રા નક્ષત્રનું ફળ.

જેઠ વદી ૬ તા. ૨૧—૬—૧૫ બુધવારે આ નક્ષત્ર બેસે છે. આ નક્ષત્રમાં વૃષ્ટિનો સંજોગ સારો છે જેથી ઘણું કરીને દરેક

જગ્યાએ પુરતો વર્ષાદ થશે.

પુનર્વસુ તથા પુષ્ય નક્ષત્રનું ફળ.

આષાઢ સુદી ૫ તા. ૫—૭—૧૬ બુધવારે પુનર્વસુ નક્ષત્ર બેસે છે તથા આષાઢ વદી ૫ તા. ૧૯—૭—૧૬ બુધવારે પુષ્ય નક્ષત્ર બેસે છે. આ બન્ને નક્ષત્રોનો વૃષ્ટિનો યોગ સામાન્ય રીતે સારો છે. પરંતુ કર્ક સંક્રાન્તિ શનિવારે બેસતી હોવાથી તથા બીજા કેટલાએક યોગો ઉત્પન્ન થતા હોવાથી એવી વિચિત્ર રીતે વૃષ્ટિ થશે કે જેથી કેટલીએક જગ્યાએ અત્યંત વૃષ્ટિ થશે તો કેટલીએક જગ્યાએ વૃષ્ટિની તાણથી દુષ્કાળનો ભય ઉત્પન્ન થશે.

આશ્લેષા નક્ષત્રનું ફળ.

શ્રાવણ સુદી ૩ તા. ૨—૮—૧૬ બુધવારે આ નક્ષત્ર બેસે છે. એમાં વૃષ્ટિનો યોગ સાધારણ રીતે સારો છે. જેથી કોઇ કોઇ સ્થળે વૃષ્ટિની તાણ પડી અનાજના ભાવમાં વધઘટ થશે.

મઘા નક્ષત્રનું ફળ.

શ્રાવણ વદી ૩ તા. ૧૬-૮-૧૬ બુધવારે આ નક્ષત્ર બેસે છે, એમાં વૃષ્ટિનો યોગ સારો છે. જેથી પાછળથી વૃષ્ટિ થવાથી શાન્તિ ફેલાય. અનાજના ભાવમાં ઘટાડો થાય.

પૂર્વા ફાલ્ગુની નક્ષત્રનું ફળ.

ભાદરવા સુદી ૨ તા. ૩૦-૮-૧૬ બુધવારે આ નક્ષત્ર બેસે છે. એમાં વૃષ્ટિનો યોગ મધ્યમ છે.

ઉતરા ફાલ્ગુની નક્ષત્રનું ફળ.

ભાદરવા વદી ૧ તા. ૧૨-૯-૧૬ મંગળવારે આ નક્ષત્ર બેસે

છે. એમાં વર્ષાદ થવાથી કેટલાએક સ્થળોથી વૃષ્ટિની તાણ દુર થશે.

હસ્ત, ચિત્રા, સ્વાતિનું ફળ.

ભાદરવા વદી ૧૪ તા. ૨૬—૯—૧૬ મંગળવારે હસ્ત નક્ષત્ર બેસે છે. જેમાં કેટલાએક સ્થળોએ વૃષ્ટિ થવાનો સારો યોગ છે. ચિત્રા અને સ્વાતિમાં ખંડ વૃષ્ટિ થવાનો યોગ છે.

જુદા જુદા વર્તારા ઉપરથી વર્ષના ફળનો એકંદર સારાંશ.

વર્ષાદના સંબંધમાં વિચાર કરતાં જણાય છે કે આ વર્ષમાં કેટલીએક જગ્યાએ સારી વૃષ્ટિ થશે તો કેટલીએક જગ્યાએ ખંડ વૃષ્ટિ થઇ પાક મધ્યમસર નિપજશે. કેટલીએક જગ્યાએ જેમ વર્ષાદની અનિયમિતતાને લીધે ચોમાસું પાકમાં નુકશાન જશે. તેમ શિયાળ પાકમાં પણ હિમ અગર જીવ જંતુના ઉપદ્રવને લીધે કંઇક નુકશાન આવશે. અને એ રીતે જો કે આ વર્ષ ખેડુતોને માટે ગયા વર્ષ જેવું રાશિ નથી, તોપણ વિશેષ પસંદ કરવા યોગ્ય પણ નહોતાં સાધારણ સારૂં છે. સુતર, સુતરાઉ ધોળું કાપડ તેમજ રંગીન કાપડના સંબંધમાં ગયા વર્ષમાં તેજીના યોગ જેમ વધારે હતા તેમ આ વર્ષમાં પણ છે અને તેથી તેઓનો ભાવ તેજ રહેશે. શેણ, રૂ વિગેરેના સંબંધમાં ગયા વર્ષમાં મંદીના યોગો વિશેષ હતા તેના બદલે આ વર્ષમાં તેજીના યોગો અધિક છે જેથી વધ ઘટ થઈ આખરે તેજી દાખવશે.

ત્રાંબુ, પીતળ, લોખંડ સીસુ વિગેરેના સંબંધમાં પણ હતા તેવાને તેવાજ યોગો છે જેથી તેઓના ભાવ તેજ થઇ પાછળથી

કંઈક નરમ પડશે.

ઘઊં, ચણા, જવ, સરસવ, એરંડા, અળસી વિગેરેના ભાવોમાં પણ સહેજ સાજ વધ ઘટ થયાં કરશે.

ઊનના સંબંધમાં ખાસ તેજીના યોગો અધિક છે. તેમજ અફીણના સંબંધમાં પણ વધ ઘટ કરનારા યોગો છે.

સોના, રૂપાના સંબંધમાં મંદી કરતાં તેજીના યોગો અધિક છે જેથી વધ ઘટ થઈ છેવટ તેજીની અસર દાખવશે.

મીલોના શેરોના સંબંધમાં વધ ઘટ થઈ છેવટ સામાન્ય અસર થશે.

વ્યાપારીઓના સંબંધમાં વિચાર કરતાં જણાય છે કે વચલા વર્ગના વ્યાપારીઓને આ વર્ષમાં લાભ સારો થશે.

જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે વિચાર કરતાં એવું ધોરણ બંધાય છે કે આ વર્ષ ગયા વર્ષ કરતાં સારૂં નિવડશે. વર્ષનો પ્રથમ ભાગ અશાન્તિમાં પ્રસાર થશેઃ પરંતુ પાછળથી કંઈઃ શાન્તિ સ્થાપન થશેઃ પછી તો જે ઇશ્વર કરે તે ખરૂં! કારણ શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

"तत्त्वं चात्रेश्वरो वेत्ति नाहं वेद्मि कदाचन" ॥

ખરી વાત શું છે તે માત્ર એક પરમાત્મા જાણે છે. આપણે કરી પણ તે જાણી શકતા નથી. इति शिवम्. ॥

સંપૂર્ણ.